Extra No. 436

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **SATURDAY, DECEMBER 13, 2025 / AGRAHAYANA 22, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) મુખ્ય અધિકારી, મોડાસા નગરપાલિકાના જાવક નં.૨૨૬૬/૨૦૨૫, તા.૦૪.૧૨.૨૦૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૩૩(૧)નો ખંડ (ખ)

(૩) અત્રેની કચેરીના પત્ર નં.એમ.એ.જી./વશી/૯૫૬/૨૦૨૫, તા.૦૯.૧૨.૨૦૨૫

(૪) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓના પત્ર ક્રમાંક:LIB/ભુગર્ભ ગટર કામગીરી/વાહન ડાયવર્ટ/૧૮૬૬/૨૦૨૫, તા.૧૧.૧૨.૨૦૨૫

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, મોડાસાના જા.નં. પીબી/ /૨૦૨૫, તા. ૧૨/૧૨/૨૦૨૫

(૬) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસાનાઓના પત્ર નં.એમએજી/વશી/૩૫૨/૨૦૨૫, તા.૦૯.૧૨.૨૦૨૫

-:જાહેરનામું:-

નં.એમ.એ.જી./જાહેરનામું/વશી/૯૬૫/૨૦૨૫.-મુખ્ય અધિકારી, મોડાસા નગરપાલિકાએ વંચાણે લીધેલ પત્ર-(૧)થી મોડાસા નગરપાલિકા વિસ્તારમાં મોડાસા-મેઘરજ રોડ ચાર રસ્તા (ટાઉન હોલ) થી મોડાસા-શામળાજી રોડ પર ડીપ વિસ્તાર ચાર રસ્તા સુધી ભુગર્ભ ગટર યોજનાની કામગીરી ચાલુ કરેલ છે તો એ વિસ્તારનો રસ્તો તા.૦૮.૧૨.૨૦૨૫ થી તા.૦૮.૦૧.૨૦૨૬ સુધી બંધ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મોકલી આપેલ છે. સદર બાબતે રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવાનું થતું હોઈ વંચાણે લીધેલ પત્ર-૨ અન્વયે કાર્યવાહી કરવી જરૂરી જણાતી હોઈ વંચાણે લીધેલ પત્ર-૩થી સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અન્વયે સંબંધિત અધિકારીઓ દ્વારા વંચાણે લીધેલ પત્ર-૪,૫ અને ૬ થી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે.

વાસ્તે, હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ મોડાસા નગરપાલિકા વિસ્તારમાં મોડાસા-મેઘરજ રોડ ચાર રસ્તા (ટાઉન હોલ) થી મોડાસા-શામળાજી રોડ પર ડીપ વિસ્તાર ચાર રસ્તા સુધી ભુગર્ભ ગટર યોજનાની કામગીરી ચાલુ કરેલ હોઈ એ વિસ્તારનો રસ્તો જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા.૦૮.૦૧.૨૦૨૬ સુધી બંધ રાખવાનું જરૂરી હોઈ આ રોડ પરથી પસાર થતા વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું. આ સમય દરમિયાન

પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના અભિપ્રાય મુજબ નીચેના વૈકલ્પિક રસ્તાઓએ વાહનો ડાયવર્ટ કરવાના રહેશે.

હજીરા તરફથી મોડાસા ચાર રસ્તા તરફના રોડ ઉપર આવતા વાહનો માટેઃ-

ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો માટેઃ

ડીપ ચોકડીથી ડાબી બાજુ વળી ધુણાઈ માતા રોડ થઈ, પાવન સીટી, મેઘરજ રોડ તરફ ડાયવર્ટ કરવા

હેવી વ્હીકલો બસ/ટ્રક જેવા વાહનો માટેઃ-

હજીરાથી જિલ્લા સેવા સદન થઈ પેલેટ સર્કલથી સહયોગ સર્કલ તરફ ડાયવર્ટ કરવા.

વધુમાં, ટ્રાફિક નિયમન થાય તે માટે વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિકના માણસો મૂકવાના રહેશે તેમજ ટ્રાફિક નિયમન તંત્ર, પોલીસ તંત્રએ મોડાસા નગર પાલિકાનો સહકાર મેળવી ટ્રાફિક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઇ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ, સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે જાહેરનામાની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એકતરફી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક,
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.12 15:54:20 IST